

# મોબાઈલ-ઈન્ટરનેટ વગરની સદાબહાર લવ સ્ટોરી 'સિર્ફ તુમ'

કહેવાય છે ને કે 'પ્રેમ આંધળો હોય છે'-તે જાતિ, ધર્મ, અમીરી કે ગરીબી નથી જોતો. પરંતુ જો ૨૧મી સદીના સોશિયલ મીડિયા યુગમાં તમને કોઈ એમ કહે કે, "બે વ્યક્તિઓ એકબીજાને જોયા વગર, એકબીજાનો અવાજ સાંભળ્યા વગર કે મળ્યા વગર પણ માત્ર પત્રોના સહારે જિંદગીભરનો પ્રેમ કરી શકે છે!" તો તમે કદાચ તેને પાગલપન ગણાવશો.

પરંતુ, 11 જૂન 1999માં આવેલી ફિલ્મ 'સિર્ફ તુમ' એ આ અશક્ય લાગતી વાતને પડદા પર એવી રીતે જીવી બતાવી કે થિયેટરમાં બેઠેલા લાખો લોકો રડી પડ્યા હતા. સંજય કપૂર, પ્રિયા ગિલ અને સુષ્મિતા સેનની મુખ્ય ભૂમિકાવાળી આ ફિલ્મ બોની કપૂરે પ્રોડ્યુસ કરી હતી અને તેનું ડિરેક્શન અગાથિયન દ્વારા કરવામાં આવ્યું હતું. ૨ કલાક અને ૪૫ મિનિટની આ મ્યુઝિકલ લવ સ્ટોરીની પડદા પાછળની કહાનીઓ તેના સ્ક્રીનપ્લે જેટલી જ દિલચસ્પ છે. ચાલો આજે આ ફિલ્મના એવા મજેદાર કિસ્સા પર નજર કરીએ, જે તમને ૯૦ના દાયકાની અનોખી નોસ્ટાલ્જીયામાં લઈ જશે.

વર્ષ 1999 એ બોલિવૂડ માટે બ્લોકબસ્ટર વર્ષ હતું. એ વર્ષે 'હમ સાથ સાથ હૈ', 'બીવી નંબર 1' અને 'હમ દિલ દે ચૂકે સનમ' જેવી બિગ-બજેટ ફિલ્મો રિલીઝ થઈ હતી. આ ફિલ્મોની ભીડ વચ્ચે માત્ર 3.5 કરોડના સ્મોલ બજેટ સાથે 'સિર્ફ તુમ' સિનેમાઘરોમાં આવી. ફિલ્મે ધીમી શરૂઆત કરી પરંતુ માઉથ-પબ્લિસિટીના દમ પર 6 કરોડથી વધુની કમાણી કરીને બોક્સ ઓફિસ પર 'સેમી-હિટ'નો ટેગ મેળવ્યો હતો.

'સિર્ફ તુમ' ફિલ્મ કોઈ ઓરિજિનલ હિન્દી સ્ક્રિપ્ટ નહોતી, પરંતુ 1996માં આવેલી નેશનલ એવોર્ડ વિનિંગ તમિલ ફિલ્મ 'કાઢાલ કોટ્ટાઈ'ની ઓફિશિયલ રિમેક હતી. સાઉથની ફિલ્મમાં સુપરસ્ટાર અજીત કુમાર અને દેવયાની મુખ્ય ભૂમિકામાં હતા. ખાસ વાત એ છે કે તમિલ અને હિન્દી બંને ફિલ્મોનું નિર્દેશન અગાથિયને જ કર્યું હતું, પણ જ્યારે હિન્દી ડાયલોગ્સ લખવાની વાત આવી ત્યારે પ્રખ્યાત ડાયરેક્ટર અનીસ બઝમીએ આ ફિલ્મના ડાયલોગ્સ લખ્યા હતા.

ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો હતો. મૂળ તમિલ ફિલ્મમાં આ પાત્રનું નામ 'જીવા' હતું, પરંતુ ડિરેક્ટરને લાગ્યું કે સલમાનની ઈમેજ સાથે આ નામ મેચ નહીં થાય. તેથી પાત્રનું નામ બદલીને 'પ્રેમ'



**'સિર્ફ તુમ' ફિલ્મ કોઈ ઓરિજિનલ હિન્દી સ્ક્રિપ્ટ નહોતી, પરંતુ 1996માં આવેલી નેશનલ એવોર્ડ વિનિંગ તમિલ ફિલ્મ 'કાઢાલ કોટ્ટાઈ'ની ઓફિશિયલ રિમેક હતી**

રાખવામાં આવ્યું. મઝાની વાત એ છે કે, 1999ના એક જ વર્ષમાં સલમાન ખાને સતત ત્રણ ફિલ્મો ('સિર્ફ તુમ', 'બીવી નંબર 1' અને 'હમ સાથ સાથ હૈ') માં 'પ્રેમ' નામનું પાત્ર ભજવ્યું હતું! બોલિવૂડની માસૂમ એક્ટ્રેસ પ્રિયા ગિલના કરિયરની આ છેલ્લી સોલો હિટ ફિલ્મ સાબિત થઈ. આ ફિલ્મમાં તેણે સલમાન સાથે સ્ક્રીન શેર કરી અને તેના પછીના વર્ષે ફિલ્મ 'જોશ'માં તે શાહરૂખ ખાનની હિરોઈન બની. જોકે, પ્રિયા ક્યારેય આમિર ખાન સાથે સ્ક્રીન શેર ન કરી શકી, જેના કારણે તે સમયના ત્રણેય 'ખાન' સાથે કામ કરવાનું તેનું સપનું અધૂરું રહી ગયું.

**મુવિયાના**

આ ફિલ્મથી કરિયરમાં સૌથી મોટો આસમાની ઉછાળો સુષ્મિતાને મળ્યો. આ પહેલાં તેની ફિલ્મો 'દસ્તક' અને 'જોર' ખરાબ રીતે ફ્લોપ રહી હતી અને તેની એક્ટિંગની ભારે ટીકા થતી હતી. પરંતુ 'સિર્ફ તુમ' માં આરતીના વન-સાઈડેડ લવર (બોસ) ના રોલમાં તેણે એવો કરિશ્મા કર્યો કે તેને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનું નોમિનેશન મળ્યું અને તેના કરિયરની ગાડી પાટે ચડી ગઈ. ફિલ્મ 'રાજા'ની સફળતા પછી સંજય કપૂરની બેક-ટુ-બેક ઘણી ફિલ્મો ફ્લોપ ગઈ હતી અને ઈન્ડસ્ટ્રીએ તેમને નકારવાનું શરૂ કરી દીધું હતું. સંજય કપૂરે મનોમન નક્કી કરી લીધું હતું કે, જો મોટા ભાઈ બોની કપૂર દ્વારા નિર્મિત 'સિર્ફ તુમ' પણ ફ્લોપ જશે, તો તેઓ એક્ટિંગ કરિયરને કાયમ માટે અલવિદા કહી દેશે અને ફિલ્મ પ્રોડક્શનમાં આવી જશે. પરંતુ નસીબે પલટો માર્યો અને ફિલ્મ હિટ થઈ ગઈ.

આ અનોખી પ્રેમકહાનીની લોકપ્રિયતા માત્ર હિન્દી કે તમિલ પૂરતી મર્યાદિત નહોતી. 'સિર્ફ તુમ' રિલીઝ થઈ તેના એક વર્ષ પહેલા એટલે કે 1998માં આ વાર્તા પરથી ભારત-બાંગ્લાદેશના સંયુક્ત પ્રોડક્શનમાં એક બાંગ્લા રિમેક બની હતી, જેનું નામ હતું 'હોતાત બ્રિષ્ટિ'. આ બાંગ્લા ફિલ્મનું નિર્દેશન ભારતના પ્રખ્યાત ડિરેક્ટર બાસુ ચેટર્જીએ કર્યું હતું.

નદીમ-શ્રવણના સંગીત સજ્જ આ ફિલ્મનું મ્યુઝિક આલ્બમ 1999નું 9મું સૌથી વધુ વેચાયેલું આલ્બમ હતું (આશરે 22 લાખ ઓડિયો કેસેટ્સ વેચાઈ હતી). ખાસ કરીને સુષ્મિતા પર ફિલ્માવાયેલું 'દિલબર દિલબર' ગીત એટલું આઈકોનિક બન્યું કે વર્ષો પછી જોન અબ્રાહમની ફિલ્મ સત્ય મેવ જયતે' માં નોરા ફતેહી સાથે તેને રી-ક્રિએટ કરવામાં આવ્યું, જે આજે પણ પાર્ટીઝની શાન છે.

સામાન્ય રીતે ફિલ્મોમાં વિલન કે કડક પોલીસ ઓફિસરનો રોલ કરનારા તેજ સપ્રુ આ ફિલ્મમાં તદ્દન હકારાત્મક (પોઝિટિવ) ભૂમિકામાં હતા. આ આખી ફિલ્મમાં એક પણ ફાઈટ સીન કે એક્શન સિક્વન્સ નહોતો, જે તે જમાનાની રોમેન્ટિક ફિલ્મો માટે બહુ મોટી વાત હતી.

વાર્તા ભલે એક સામાન્ય મધ્યમવર્ગીય યુવક (દીપક) ની હતી જે દિલ્હીમાં ઓટો રિક્ષા ચલાવતો અને કૂલર ફેક્ટરીમાં કામ કરતો હતો, પરંતુ બોની કપૂરે શૂટિંગ લોકેશન્સમાં કોઈ કંજૂસી નહોતી કરી. ફિલ્મના ગીતો અને દ્રશ્યોનું શૂટિંગ કેરળના બેકવોટર્સ, નૈનીતાલની વાદીઓ, દિલ્હીના રસ્તાઓ અને અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં કરવામાં આવ્યું હતું.

'એક મુલાકાત જરૂરી હૈ સનમ' અને 'પહેલી પહેલી બાર મહોબ્બત કી હૈ' જેવા સુપરહિટ ગીતો આપવા છતાં, ફિલ્મની ઓરિજિનલ ઓડિયો કેસેટ પર સંગીતકાર જોડી 'નદીમ-શ્રવણ' નું નામ છાપવામાં આવ્યું નહોતું. તેનું કારણ એ હતું કે તે સમયે નદીમ સૈફી પર ટી-સિરીઝના માલિક ગુલશન કુમારની હત્યાના ગંભીર આરોપો હતા અને તેઓ લંડન જતા રહ્યા હતા. વિવાદોથી બચવા માટે તેમનું નામ ક્રેડિટ્સમાંથી હટાવી દેવાયું હતું.

ડિરેક્ટર અગાથિયનને આ પત્રો વાળી પ્રેમકહાની લખવાનો આઈડિયા ક્યાંથી આવ્યો? આની પાછળ એક પૌરાણિક કનેક્શન છે. તમિલ સાહિત્યના 2000 વર્ષ જૂના કાવ્યસંગ્રહ 'પુરાનાનુરુ' માં એક રાજા (કોપરુનચોલન) અને એક તમિલ કવિ (પિસીરાંથૈયાર) ની અજોડ દોસ્તીનો ઉલ્લેખ છે. આ બંને મિત્રો ક્યારેય જીવનમાં એકબીજાને રૂબરૂ મળ્યા નહોતા, પરંતુ માત્ર પત્રો દ્વારા જિંદગીભર પાકા મિત્રો રહ્યા હતા. આ જ કન્સેપ્ટને ડિરેક્ટરે પ્રેમકહાનીમાં વણી લીધો.

ફિલ્મમાં કોમેડી કિંગ જોની લીવર પણ જોવા મળે છે. પરંતુ આ ફિલ્મની ખાસિયત એ હતી કે જોની લીવર માત્ર હસાવવા પૂરતા મર્યાદિત નહોતું, ક્લાઈમેક્સ તરફ જતાં તેઓ એકદમ ગંભીર અને ઈમોશનલ સીન કરતા જોવા મળે છે, જે દર્શકો માટે ખૂબ જ સરપ્રાઈઝિંગ હતું. ફિલ્મને પંજાબ અને ઉત્તર ભારતમાં વધુ લોકપ્રિય બનાવવા માટે બોની કપૂરે ફેમસ પંજાબી સિંગર ગુરદાસ માનનો સંપર્ક કર્યો હતો. તેમણે 'દેખો જરા કૈસે બલખા કે ચલી હૈ' ગીત ગાયું એટલું જ નહીં, પણ ફિલ્મમાં આવીને લાઈવ પરફોર્મ પણ કર્યું. આ ગીતમાં તેમની સાથે દીપશિખા નાગપાલ જોવા મળી હતી, જે તે સમયે આજના સમયની નોરા ફતેહી જેટલી જ ગ્લેમરસ અને પોપ્યુલર આઈટમ ગર્લ ગણાતી હતી. •

# ટ્રેન્ડિંગ 'ઓ સુંદરી' સોંગની અનકહી મેકિંગ સ્ટોરી

અક્ષય કુમારની 'ભૂત બંગલા' ફિલ્મનું 'ઓ સુંદરી' સોંગઃ પડદા પાછળની રોમાંચક મેકિંગ અને શૂટિંગની કહાની બોલિવૂડના ખિલાડી અક્ષય અને દિગ્ગજ ડાયરેક્ટર પ્રિયદર્શનની જોડી જ્યારે પણ સ્ક્રીન પર સાથે આવે છે, ત્યારે બોક્સ ઓફિસ પર ધમાકો થાય છે. 'હેરા ફેરી', 'ગરમ મસાલા' અને 'ભૂલ ભુલૈયા' જેવી સુપરહિટ ફિલ્મો આપ્યા બાદ, તાજેતરમાં જ આ ફિલ્મનું 'ઓ સુંદરી' સોંગ હાલ ચર્ચામાં છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.


આ સોંગ જેટલું જોવામાં મનોરંજક અને ભવ્ય લાગે છે, તેને શૂટ કરવા પાછળ એટલી જ સખત મહેનત, અદભુત ટેકનોલોજી અને ક્રિએટિવિટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચાલો જાણીએ કે 'ઓ સુંદરી' સોંગનું શૂટિંગ કઈ રીતે થયું અને તેની પડદા પાછળની ખાસ સ્ટોરી શું છે?

ગ્રાન્ડ વિઝ્યુઅલ્સ માટે જાણીતા પ્રિયદર્શને આ સોંગ માટે મુંબઈના એક જાણીતા સ્ટુડિયોમાં એક ભવ્ય સેટ તૈયાર કરાવ્યો હતો. સોંગનું નામ 'ઓ સુંદરી' છે અને તે 'ભૂત બંગલા' થીમ પર આધારિત હોવાથી, સેટને એક જૂના, રહસ્યમય છતાં આકર્ષક મહેલ જેવો લુક આપવામાં આવ્યો હતો. સેટમાં મોટી વિન્ટેજ બારીઓ, ઝુમ્મરો, અને જૂની શૈલીના ફર્નિચરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

હોરર અને કોમેડીનો યોગ્ય સમન્વય કરવા માટે ડાર્ક રેડ, બ્લેક અને ગોલ્ડન કલર થીમનો ઉપયોગ કરાયો હતો, જે સોંગને એક પ્રીમિયમ લુક આપે છે.

અક્ષય તેમની શાનદાર કોમિક ટાઈમિંગ અને એનર્જી માટે જાણીતા છે. 'ઓ સુંદરી' સોંગમાં પણ તેમનો એ જ અંદાજ જોવા મળે છે. આ સોંગની કોરિયોગ્રાફી બોલિવૂડના ટોચના કોરિયોગ્રાફર દ્વારા કરવામાં આવી છે. સોંગમાં એક વિશિષ્ટ 'હુક સ્ટેપ' છે જેને અક્ષયે ખૂબ જ સરળતાથી અને પોતાની આગવી સ્ટાઈલમાં કર્યો છે.

સોંગમાં અક્ષયની સાથે સેંકડો બેકગ્રાઉન્ડ ડાન્સર્સ જોવા મળે છે, જેઓ 'ભૂત' અને 'ચૂડેલ'ના આકર્ષક ગેટઅપમાં સજ્જ હતા. ડાન્સર્સ અને અક્ષય વચ્ચેનું ટાઈમિંગ પરફેક્ટ રાખવા માટે શૂટિંગ પહેલાં સતત ૩ દિવસ સુધી ભારે રિહર્સલ કરવામાં આવી હતી.



**પરદે કે પીછે**

**ડાન્સર્સ અને અક્ષય વચ્ચેનું ટાઈમિંગ પરફેક્ટ રાખવા માટે શૂટિંગ પહેલાં સતત ૩ દિવસ સુધી ભારે રિહર્સલ કરવામાં આવી હતી**

કોઈપણ હોરર-કોમેડી ગીત માટે લાઈટિંગ સૌથી મહત્વનો ભાગ ભજવે છે. 'ઓ સુંદરી' સોંગના શૂટિંગ દરમિયાન લાઈટિંગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. ઈફેક્ટ્સ (ધુમાડો) નો ભરપૂર ઉપયોગ કરાયો હતો, જેથી સ્ક્રીન પર હોરર વાતાવરણ ઊભું કરી શકાય.

સિનેમેટોગ્રાફરે હાઈ-એન્ડ કેમેરા અને ક્રેન્સનો ઉપયોગ કરીને ગીતને ૩૬૦-ડિગ્રી ઍંગલથી શૂટ કર્યું છે. અક્ષયની એન્ટ્રી સીનને વધુ પાવરફુલ બનાવવા માટે ડ્રોન અને જિમ્બલ કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોંગનું શૂટિંગ પડકારજનક બનવાનું મુખ્ય કારણ તેનો મેકઅપ હતો. સોંગમાં દેખાતા ભૂત-પ્રેતના કેરેક્ટર માટે સ્પેશિયલ પ્રોસ્થેટિક મેકઅપ (Prosthetic Makeup) આર્ટિસ્ટોની ટીમ બોલાવવામાં આવી હતી. અક્ષયનો લુક પણ એકદમ સ્ટાઇલિશ છતાં થોડો મિસ્ટ્રીયસ રાખવામાં આવ્યો છે. તેમના બ્લેક અને રેડ આઉટફિટ્સ સોંગની થીમ સાથે બરાબર મેચ થાય છે. ડાન્સર્સના મેકઅપ માટે દરરોજ શૂટિંગ શરૂ થવાના ૪ કલાક પહેલાંથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવતી હતી.

ડાયરેક્ટર પ્રિયદર્શન સેટ પર ખૂબ જ પરફેક્શન અને ચોક્કસ આયોજન સાથે કામ કરવા માટે જાણીતા છે. આ સોંગના શૂટિંગ દરમિયાન પણ તેમણે દરેક નાની વિગત પર ધ્યાન આપ્યું હતું. અક્ષય અને પ્રિયદર્શન વચ્ચેનું ટ્યુનિંગ એટલું અદભૂત છે કે જે સોંગના શૂટિંગ માટે ૫ દિવસનો અંદાજ હતો, તે માત્ર ૩.૫ દિવસમાં જ પૂરું કરી લેવામાં આવ્યું હતું. અક્ષય કુમારે સેટ પર મોડી રાત સુધી શૂટિંગ કરીને આખા ક્રૂનો ઉત્સાહ જાળવી રાખ્યો હતો. •

# અજીત ખાને વિલનગીરીને બનાવી દીધી ક્લાસી!

બોલિવૂડમાં વિલન એટલે કેવો માણસ? જેની આંખો લાલ હોય, અવાજમાં રાક્ષસી હાસ્ય હોય અને હાથમાં ચાબુક કે તલવાર હોય. પણ સિત્તેરના દાયકામાં રૂપેરી પડદે એક એવો વિલન આવ્યો જેણે ગળાફાડ બૂમો પાડ્યા વગર, મોઢામાં મોંઘી સિગાર, હાથમાં વાઈનનો ગ્લાસ અને આજુબાજુ વિદેશી સુંદરીઓ રાખીને માત્ર પોતાના અવાજના ઘેરાવ અને ગ્રેસથી હીરોની લાઈમલાઈટ ચોરી લીધી!

હા, આપણે વાત કરી રહ્યા છીએ અસ્સલ હૈદરાબાદી નવાબી ઠાઠ ધરાવતા એક્ટર અજીત ખાનની. 'મોના ડાર્લિંગ', 'રોબર્ટ' અને 'સારા શહર મુઝે લાયન કે નામ સે જાનતા હૈ...' જેવા ડાયલોગ્સથી આજે પણ મીમ્સની દુનિયામાં રાજ કરનારા અજીત સાહેબની રિયલ લાઈફ સ્ટોરી કોઈ મસાલા ફિલ્મથી કમ નથી. આવો જાણીએ મુંબઈના નાળાથી શરૂ કરીને બોલિવૂડના 'લાયન' બનવા સુધીની તેમની રોમાંચક અને મજેદાર સફર.

27 જાન્યુઆરી 1922ના રોજ હૈદરાબાદના નિઝામની સેનામાં કામ કરતા બશીર અલી ખાનના ઘરે એક દીકરાનો જન્મ થયો, નામ રાખ્યું- હમીદ અલી ખાન. ઉંચો-પૂરો કદાવર દેખાવ અને હેન્ડસમ ચહેરો, પણ ભણવામાં ભાઈ સાહેબનું મન સાવ 'ઝીરો'. કૉલેજના પ્રોફેસર તેમનાથી એટલા કંટાળી ગયેલા કે એક દિવસ કહી દીધું, "તારા નસીબમાં ભણવાનું નથી, કાં તો બાપની જેમ આર્મીમાં જા, કાં ફિલ્મોમાં વયો જા!" બસ, પ્રોફેસરની આ વાત હમીદના દિલમાં વાગી ગઈ. પિતા કડક મિજાજના હતા એટલે ઘરમાં કશું કહ્યા વગર હમીદભાઈએ પોતાની કોલેજની બધી ચોપડીઓ બજારમાં વેચી મારી! એમાંથી જે ૧૧૩ રૂપિયા આવ્યા, તેની મુંબઈની ટિકિટ કટાવીને ભાઈ સીધા પહોંચી ગયા માયાનગરી!

પરંતુ મુંબઈ બહારથી જેટલી ગ્લેમરસ દેખાય છે, અંદરથી એટલો જ આકરો સંઘર્ષ કરાવે છે. મુંબઈ આવ્યા પછી શરૂઆતમાં અજીત પાસે રહેવાના પૈસા નહોતા. મોહમ્મદ અલી રોડ પાસે ગટર અને નાળા સાફ કરવા માટે લોખંડ/સિમેન્ટના મોટા મોટા પાઈપ રસ્તા પર પડ્યા રહેતા. અજીત સાહેબે કેટલીય રાતો એ નાળાની અંદર સૂઈને વિતાવી હતી!

**એક્ટર્સ લાઇફ**

**રાજેન્દ્ર કુમારે પોતાની જ ફિલ્મ 'સૂરજ' (1966) માં અજીતને વિલનનો રોલ ઓફર કર્યો. અજીતે દોસ્તની વાત માની લીધી અને ફિલ્મ સુપરહિટ રહી! બસ, અહીંથી બોલિવૂડને તેનો સૌથી સ્ટાઇલિશ ખલનાયક મળી ગયો**

એ જ દિવસોમાં ત્યાં સ્થાનિક ગુંડાઓ હપ્તો વસૂલવા આવતા અને ગરીબોને હેરાન કરતા. એક દિવસ ગુંડાઓનો સામનો અજીત સાથે થયો. ભૂખ્યા અને સંઘર્ષથી કંટાળેલા અજીતનો પારો એવો ચટક્યો કે તેમણે એકલા હાથે એ ગુંડાઓને રસ્તા પર દોડાવી દોડાવીને ધોયા! આ ફાઈટ પછી આજુબાજુના ઝૂંપડપટ્ટીના લોકો અજીતને પોતાના 'મસીહા' માનવા લાગ્યા અને તેમને રોજ સામેથી જમાડવા લાગ્યા.

1945માં જુનિયર આર્ટિસ્ટ તરીકે કરિયર શરૂ કરનાર અજીતનો અવાજ એટલો દમદાર હતો કે ડિરેક્ટર કે. અમરનાથે તેમને લીડ હીરો તરીકે લોન્ચ કરવાનું નક્કી કર્યું, પણ ડિરેક્ટરે શરત મૂકી કે 'હમીદ અલી ખાન' નામ ઘણું લાંબુ છે, સ્ક્રીન પર મજા નહીં આવે, કંઈક શોર્ટ એન્ડ સ્વીટ નામ શોધો. એ સમયે જાણીતા ડિરેક્ટર નાનુભાઈ ભટ્ટે (મહેશ ભટ્ટના પિતા) તેમને એક નવું નામ સજેસ્ટ કર્યું - 'અજીત' અને આ નામે ઈતિહાસ રચી દીધો.



અજીત ખાને કરિયરની શરૂઆતમાં અંદાજે 60 થી 70 ફિલ્મોમાં લીડ હીરો તરીકે કામ કર્યું હતું! રાજેન્દ્ર કુમારે પત્તું ફેંકતા ફેંકતા કહ્યું, "યાર અજીત, હવે બોલિવૂડમાં કલર ફિલ્મોનો જમાનો આવી ગયો છે. લાખો રૂપિયા ખર્ચાય છે. હીરો તરીકે તારો સિક્કો નથી જામતો, તું વિલન કેમ નથી બનતો? તારો અવાજ અને પર્સનાલિટી એકદમ પરફેક્ટ છે."

રાજેન્દ્ર કુમારે પોતાની જ ફિલ્મ 'સૂરજ' (1966) માં અજીતને વિલનનો રોલ ઓફર કર્યો. અજીતે દોસ્તની વાત માની લીધી અને ફિલ્મ સુપરહિટ રહી! બસ, અહીંથી બોલિવૂડને તેનો સૌથી સ્ટાઈલિશ ખલનાયક મળી ગયો. 1973માં આવેલી પ્રખ્યાત ફિલ્મ 'ઝંજીર' માં સલીમ-જાવેદની જોડી વિલનનો એક નવો જ ચહેરો રજૂ કરવા માંગતી હતી. અજીત ખાને આ રોલ (તેજા) ને જીવંત કરવા માટે ભોપાલના એક અસલી ગેંગસ્ટર સાથે કેટલાય દિવસો વિતાવ્યા હતા. તે સમયના અંડરવર્લ્ડ ડોન હાજી મસ્તાનની વ્હાઈટ સૂટ-બૂટ વાળી સ્ટાઈલ જોઈને અજીતે સ્ક્રીન પર મોંઘી સિગાર અને સોફ્ટ ટોન વાળી વિલનગીરી શરૂ કરી, જે સુપર-ડુપર હિટ રહી.

**અફસોસઃ ૨૦૦ ફિલ્મો, પણ એકેય એવોર્ડ નહીં!**

અજીત ખાને પોતાની પર્સનલ લાઈફમાં ત્રણ લગ્ન કર્યા હતા અને તેમને 5 સંતાનો થયા. 80ના દાયકા સુધીમાં તેઓ સતત ત્રણ-ત્રણ શિફ્ટમાં કામ કરવાને લીધે બીમાર રહેવા લાગ્યા અને છેવટે 22 ઓક્ટોબર 1998ના રોજ હાર્ટ અટેકને કારણે આ 'લાયન' હંમેશા માટે પોઢી ગયો. બોલિવૂડની વિડંબના જુઓ, જે માણસે 50 વર્ષ સુધી ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું, 200થી વધુ ફિલ્મો આપી, સિનેમાને 'મોના ડાર્લિંગ' જેવા કલ્ટ ડાયલોગ્સ આપ્યા, તેમને જીવતેજીવ ક્યારેય કોઈ મોટો એવોર્ડ ન મળ્યો! પરંતુ એવોર્ડ ભલે ન મળ્યો હોય, આજે પણ જ્યારે સ્વેગ અને સ્ટાઈલ વાળા વિલનની વાત નીકળે, ત્યારે આખી દુનિયા એક જ અવાજે કહે છે- "સારા શહર ઈન્હેં લાયન કે નામ સે હી જાનતા હૈ!" •